AHMEDABAD, MONDAY, AUGUST 20, 2018 VOL.NO-3, ISSUE NO-12 www.theopenpage.co.in facebook.com/theopenpage TOTAL PAGE - 8 INVITATION PRICE: ₹20/-
RNI NO. GUJGUJ/2015/64872

# ધી ઓપન પેજ

વિદ્યાર્થીઓનુ પોતાનું શૈક્ષણિક સામાયિક

MONTHLY NEWS PAPER

From, The Open Page, 4th Floor Vishwa Arcade, Opp. Kum-Kum Party Plot, Nr. Akhbarnagar, Nava Wadaj, Ahmedabad - 380013 | Ph : 079-27621385/86

### શ્રદ્ધાંજલિ

ધી ઓપન પેજ દિવંગત ભૂતપૂર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપેયીને શ્રદ્ધાંજલી પાઠવે છે. અટલબિહારી વાજપેયી ભારતના ૨૦મી સદીના મહાન નેતાઓમાંથી એક હતા, જેમણે ભારતને આર્થિક અને પરમાણુ શક્તિ બનાવવા પર ભાર મૂક્યો હતો.



### આ અંકમાં શું વાંચશો?



**ઓપન પેજ અને અભિનામ એકેડમી દ્વારા ચેસ ટુર્નામેન્ટનું આયોજન**

ઓપન એજ અને અભિનામ ચેસ એકેડમી દ્વારા કે.જી.થી ૧૨ ધોરણના વિદ્યાર્થીઓ માટે ચેસ ટુર્નમિન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. **પેજ ૨**



**બીમાર શિક્ષણ વ્યવસ્થાનો ઉપાય**

આજના બાળકોનું મગજ માહિતીનું પાવરહાઉસ છે. તેમની પાસે ડેટાનો અખૂટ સ્રોત છે તેઓ કોઈપણ મુદ્દા સાથે સમન્વયન સાધી શકવા તેમજ પૂછાયેલા પ્રશ્નોનો જવાબ આપવા સક્ષમ હોય છે. **પેજ 3**



**સમાવેશક સ્કૂલો માટે અસરકારક વ્યૂહરચના**

આર્થિક રીતે નબળા વર્ગના બાળકોને પણ ગુણવત્તાપૂર્ણ શિક્ષણનો અધિકાર છે. તેવા વિચાર સાથે સરકારે વર્ષ ૨૦૦૯માં રાઈટ ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન (આર.ટી.ઈ.) એટલે કે શિક્ષણનો અધિકાર કાયદો બનાવ્યો. **પેજ ૮**

# શિક્ષણ સ્વતંત્રતા માટેનો રાજમાર્ગ છે





**શ્રી દેવાંગ ભટ્ટ**

જીટીપીએલમાં ચેનલ હેડ છે. તેઓ જાણીતા ગુજરાતી પત્રકાર અને એન્કર છે. તેમણે ફિલ્મ અને ટેલિવિઝન ક્ષેત્રની અનેક પ્રતિભાઓના ઈન્ટર્વ્યૂ કર્યા છે.

સંયુક્ત રાષ્ટ્રના ભૂતપૂર્વ મહાસચિવ કોફી અન્નાને એક વખત કહ્યું હતું, ‘શિક્ષણ દુઃખ, પીડાઓમાંથી બહાર નિકળવા માટે આશાના એક કિરણ સમાન છે. શિક્ષણની મદદથી વ્યક્તિ ગરીબી સામે લડી શકે છે અને વિકાસ કરી શકે છે.’

સમગ્ર વિશ્વ આજે ટેક્નોલોજીની મદદથી ખૂબ જ નજીક આવી રહ્યું છે અને ઝડપથી વૈશ્વિકરણ થઈ રહ્યું છે ત્યારે આગામી સમયમાં શિક્ષિત અને નિરક્ષર એમ માત્ર બે જ સમાજ રહેશે તેમ માનવામાં આવે છે. શિક્ષણનું મહત્વ સમજાવતી આ સંભાવનાને ધ્યાનમાં રાખીએ તો એમ કહેવું ખોટું નથી કે કોઈપણ વ્યક્તિ માટે શિક્ષણ ગરીબી દૂર કરવાની સીડી બની શકે છે. સ્કૂલની વ્યવસ્થા મારફત શ્રેષ્ઠ શિક્ષણ મેળવી શકાય છે ત્યારે સરકાર જ નહીં સમાજે પણ વધુ અને સારી ગુણવત્તાની સ્કૂલોની સ્થાપનાને અગ્રતા આપવી જોઈએ. સાક્ષર સમાજ માટે વૈશ્વિક અને ગુણવત્તાપૂર્ણ સ્કૂલ વ્યવસ્થા ઊભી કરવી ખૂબ જ જરૂરી છે.

કોઈપણ રાષ્ટ્રના વિકાસના પાયાની સંસ્થાઓમાં સ્કૂલોનો સમાવેશ થાય છે અને આપણી ભાવી પેઢીની ક્ષમતા અને સફળતાનો આધાર આપણે તેમને પૂરું પાડેલું શિક્ષણ બની શકે છે. અનેક સારી સ્કૂલો અને શિક્ષણવિદો તેમના વિદ્યાર્થીઓને ગુણવત્તાપૂર્ણ શિક્ષણ

> રાષ્ટ્રના વિકાસના પાયાની સંસ્થાઓમાં સ્કૂલોનો સમાવેશ થાય છે, આપણી ભાવી પેઢીની ક્ષમતા અને સફળતાનો આધાર આપણે તેમને પૂરું પાડેલું શિક્ષણ બની શકે છે

પૂરું પાડવા માટે સતત પ્રેરક પ્રયાસો કરતા રહે છે અને તે રીતે સમાજ માટે ગુણવત્તાપૂર્ણ નાગરિકો બનાવવામાં મદદરૂપ થાય છે. જ્ઞાની અને અનુભવી શિક્ષણવિદ્ વ્યવસ્થામાં સતત વિકાસ લાવવાનો અને શિક્ષણની ટેકનિક્સને વર્તમાન પરીપ્રેક્ષ્ય અને પેઢી સાથે સુસંગત રાખવા માટે પ્રયાસ કરે છે.

પ્રત્યેક પેઢીની પોતાની અલગ સમસ્યાઓ અને જરૂરિયાતો હોય છે. ભારતમાં વિદ્યાર્થીઓની વર્તમાન પેઢી નવીનતા અને કારકિર્દીમાં સફળતા માટેની વધુ ખેવના ધરાવે છે. પરંતુ આપણે ફોકસ અને સ્ટાઈલ સિવાય વધુ ઊંડાણપૂર્વક નજર નાંખીશું તો આપણને ખ્યાલ આવશે કે શિક્ષણનો મૂળ લક્ષ્યાંક એ જ છે, જે અગાઉ હતો. એટલે કે વ્યક્તિ અને સમાજમાં પરીવર્તન લાવવું. એવું નથી કે શિક્ષણ અને સારી સ્કૂલ વ્યવસ્થાનું અગાઉની પેઢીની સરખામણીમાં આજે વધુ મહત્વ છે, પરંતુ હકીકતમાં આજે સારી સ્કૂલોના જેટલા વિકલ્પો ઉપલબ્ધ છે તે અગાઉ નહોતા. આજે વિદ્યાર્થીઓ પાસે શિક્ષણ માટે અગાઉ કરતાં વધુ તકો અને સુવિધાઓ ઉપલબ્ધ છે.

મારું નિશ્ચિતપણે માનવું છે કે એવું કંઈક છે જે

> જ્ઞાની અને અનુભવી શિક્ષક વ્યવસ્થામાં સતત વિકાસ લાવવાનો અને શિક્ષણની ટેકનિક્સને વર્તમાન પરીપ્રેક્ષ્ય અને પેઢી સાથે સુસંગત રાખવા માટે પ્રયાસ કરે છે

બાળક માત્ર સ્કૂલમાં જ શીખી શકે છે. પરિવાર બાળકને સંસ્કૃતિ, પરંપરાઓ, ભાવનાઓ અંગે શીખવાડી શકે છે, પરંતુ સ્કૂલ તેમને શિસ્ત, ડ્રાઈવ, સમૂહકાર્ય, સામાજિક કુશળતા, આત્મવિશ્વાસ તેમજ વ્યાવસાયિક કુશળતા જેવા ગુણો વિકસાવવામાં મદદરૂપ થઈ શકે છે.

એ બાબતનો ઈનકાર કરી શકાય તેમ નથી કે કોઈપણ વ્યક્તિની ભાવી સફળતાઓમાં સ્કૂલિંગ અને શિક્ષણ મહત્વની ભૂમિકા ભજવે છે. સફળ લોકો તેમની સફળતા માટે તેમની સ્કૂલ, શિક્ષકો અને સ્કૂલના તેના મિત્રોને શ્રેય આપે છે.

આ સ્તરે જ બાળકમાં રહેલી આંતરિક પ્રતિભા ઓળખવામાં આવી હોય છે અને તેને પ્રોત્સાહન મળ્યું હોય છે. બીજી બાજુ તેમની ઈચ્છિત સફળતા નહીં મેળવી શકનારા અનેક લોકો વિદ્યાર્થી કાળના સમયમાં તેમને તક મળી ત્યારે તેઓ વધુ ફોકસ્ડ અને બેદરકાર રહ્યા તે બદલ ખેદ વ્યક્ત કરતા હોય છે. બાળકો એક બાબતનું ખાસ ધ્યાન રાખો કે શિક્ષણ અને સ્કૂલ વ્યવસ્થાનો એક મોટો હિસ્સો તમે બનાવો છો ત્યારે તમારી પાસે આમ કરવા માટે હજુ તક છે.

## ધી ઓપન પેજ અને અભિનામ એકેડમી દ્વારા ચેસ ટુર્નામેન્ટનું આયોજન



ધી ઓપન એજ અને અભિનામ ચેસ એકેડમી દ્વારા કે.જી.થી ૧૨ ધોરણના વિદ્યાર્થીઓ માટે ચેસ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. ઘાટલોડિયા ખાતે કે.કે. નગર રોડ પરની ત્રિપદા ઇન્ટરનેશનલ સ્કૂલમાં ૮થી ૯ સપ્ટેમ્બર અને ૧૫થી ૧૬ સપ્ટેમ્બરે આ સ્પર્ધા યોજાશે. એ, બી, સી અને ડી એમ ચાર ભાગમાં વિભાજિત સ્પર્ધામાં ૮મી સપ્ટેમ્બરે 'એ' કેટેગરી હેઠળ કેજીથી ૩જા ધોરણના અને 'બી' કેટેગરી હેઠળ ૯મી સપ્ટેમ્બરે ૪થાથી ૫મા ધોરણના વિદ્યાર્થીઓ ભાગ લેશે. 'સી' કેટેગરી હેઠળ ૮માંથી ૧૨મા ધોરણના વિદ્યાર્થીઓ ૧૫મી સપ્ટેમ્બરે અને 'ડી' કેટેગરી હેઠળ ૬ઠ્ઠા-૭મા ધોરણના વિદ્યાર્થીઓ ભાગ લેશે.

સ્વીસ સિસ્ટમથી રમાનારી આ ટુર્નામેન્ટ ૫ રાઉન્ડમાં રમાશે અને પ્રત્યેક રાઉન્ડ ૧ કલાકનો હશે. ટુર્નામેન્ટમાં પ્રત્યેક કેટેગરીમાં વિજેતા ટોપ-૧૦ ખેલાડીઓને ઈનામોનું વિતરણ કરાશે. ઉપરાંત ટુર્નામેન્ટમાં ભાગ લેનારા બધા જ વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ આપવામાં આવશે. ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટે ખેલાડીઓએ તેમનું ચેસ બોર્ડ સાથે લાવવાનો રહેશે. ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટે એન્ટ્રી ફી રૂ. ૫૦૦ છે અને ફોર્મ ભરવાની અંતિમ તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર છે.

## ટેલેન્ટ સર્ચ ટેસ્ટમાં બેલુર વિદ્યાલય ગુજરાતની ટોપ-૧૦માં

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક બોર્ડ દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮ માટે લેવાયેલી ટેલેન્ટ સર્ટ ટેસ્ટમાં મહુવાની બેલુર વિદ્યાલયના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં પરીક્ષા આપી હતી, જેમાંથી ટોપ-૧૦માં મહુવાની બેલુર વિદ્યાલયના ૭ બાળકો સાથે સ્કૂલ અગ્રેસર રહી છે. જહાનવી એન. મહેતા વિજ્ઞાનમાં ૯૯.૯૫ ટકા સાથે ચોથા ક્રમે આવી છે તો આકાશ જે. બાંભણિયા ૯૯.૮૪ ટકા સાથે પાંચમા ક્રમે છે. એ જ રીતે જહાન્વીએ મેથ્સમાં પણ ૯૮.૮૪ ટકા સાથે અગ્રતા ક્રમ જાળવી રાખ્યો છે તો પાલ કાંદ્રા પણ ૯૯.૮૪ ટકા સાથે પાંચમા ક્રમે છે. ઉપરાંત ધ્રુવિશા પી. નકુમ મેથ્સમાં ૯૯.૭૩ ટકા સાથે છઠ્ઠા ક્રમે છે. આકાશ વી. ગુજ્જર મેથ્સમાં ૯૯.૬૦ ટકા અને ચિરાગ એમ. લાડુમોર મેથ્સમાં ૯૯.૬૦ ટકા સાથે સાતમા ક્રમે આવ્યા છે. આમ, બેલુર વિદ્યાલયના ૭ વિદ્યાર્થીઓનો બોર્ડમાં ટોપ-૧૦માં સામેલ થયા છે. ટેલેન્ટ સર્ચ ટેસ્ટ (ટીએસટી)માં શ્રેષ્ઠ પરિણામ બદલ સંસ્થાના એમડી બી.સી. લાડુમોર, સેક્રેટરીશ્રી વી. એમ. નકુમ અને ટ્રસ્ટીઓએ વિદ્યાર્થીઓ તથા સ્કૂલને શુભેચ્છા પાઠવી છે.



આકાશ જે. બાંભણિયા



આકાશ વી. ગુજ્જર



ચિરાગ એમ. લાડુમોર



જહાનવી એન. મહેતા



ધ્રુવિશા પી. નકુમ



પાલ કાંદ્રા

## દિવાનબલ્લુભાઈ સ્કૂલમાં પ્રવેશોત્સવ





નવી તાજગી અને ઊર્જા સાથે વિદ્યાર્થીઓ ફરી એક વખત ઉત્સાહ સાથે સ્કૂલમાં તેમના અભ્યાસમાં જોડાઈ ગયા છે ત્યારે અમદાવાદમાં પાલડી ખાતેની પ્રખ્યાત દિવાનબલ્લુભાઈ સ્કૂલના અંગ્રેજી માધ્યમે ગુજરાત સરકારના શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમને પર્યાવરણ જાગૃતિ સાથે જોડી દીધો હતો. સ્કૂલ દ્વારા પ્રવેશોત્સવના ભાગરૂપે વિદ્યાર્થીઓને લીલા છોડ આપવામાં આવ્યા હતા અને તેમને આ ઔષધિય છોડનું મહત્વ અને ઉપયોગ જણાવાયા હતા. આમ, સ્કૂલમાં જ્ઞાન અને પ્રકૃતિના સંગમ સાથે નવા શૈક્ષણિક વર્ષની શરૂઆત થઈ હતી.

## જૂનાગઢની સરસ્વતી સ્કૂલનો હેત મોદી કલા મહાકુંભની હાર્મોનિયમ સ્પર્ધામાં પ્રથમ



જૂનાગઢમાં માગનાથ રોડ પર ચાલતી સરસ્વતી સ્કૂલનો વિદ્યાર્થી હેત આશિષભાઈ મોદી ગુજરાત સરકાર દ્વારા આયોજિત કલા મહાકુંભની વાદનકળામાં જિલ્લા કક્ષાની સ્પર્ધાની હાર્મોનિયમ સ્પર્ધામાં ભાગ લીધો હતો. હેત મોદીએ પ્રથમ આવી સ્કૂલનું ગૌરવ વધારતાં સ્કૂલના સંચાલકો પ્રદિપભાઈ ખિમાણી, જગદીશભાઈ ખિમાણી, નરેશભાઈ ખિમાણી, રઘુભાઈ ખિમાણી તથા સાગરભાઈ ખિમાણીએ તેને અભિનંદન આપતાં શુભેચ્છાઓ પાઠવી છે.

## વસ્ત્રાલની રાજમાધવ વિદ્યામંદિર દ્વારા ડ્રોઈંગ, મહેંદી, હેરસ્ટાઈલ સ્પર્ધા યોજાઈ







વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ પર ભાર આપવાના આશયથી વસ્ત્રાલની રાજમાધવ વિદ્યામંદિર દ્વારા ડ્રોઈંગ, મહેંદી, હેરસ્ટાઈલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. વિદ્યાર્થિનીઓએ મહેંદી અને હેરસ્ટાઈલ સ્પર્ધામાં અવનવી હેરસ્ટાઈલ બનાવી હતી તથા સુંદર મહેંદી દોરી હતી.





## જવાહર નવોદય પ્રવેશ પરીક્ષામાં બેલુર વિદ્યાલયની બે વિદ્યાર્થિનીઓ પસંદ



દૃષ્ટિ રાવળીયા



નૈયા અમીન

તાજેતરમાં આયોજિત જવાહર નવોદય પ્રવેશ પરીક્ષામાં ભાવનગર જિલ્લાના મહુવા નજીક તીર્થ એજ્યુકેશનલ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત બેલુર વિદ્યાલયની બે વિદ્યાર્થિનીઓ નૈયા આર. અમીન અને દૃષ્ટિ આર. રાવળીયા પાસ થઈ હતી. સંસ્થાના એમડી બી.સી. લાડુમોરે બંને વિદ્યાર્થિનીઓ નૈયા અમીન તથા દૃષ્ટિ રાવળીયા તથા જવાહર નવોદય પરીક્ષા માટે તેમને તૈયારી કરાવનારા સ્કૂલના સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા.

**વૈધાનિક સુચનાઃ ધી ઓપન પેજ, મંથલી ન્યુઝ પેપરમાં પ્રકાશિત સામગ્રીમાં લેખકોના પોતાના વિચાર છે. સંપાદક તથા પ્રકાશક એ સાથે સહમત હોય તે જરૂરી નથી.**
**ધી ઓપન પેજની સમાચાર સંબંધિત બધા જ વાદ – વિવાદ પ્રકાશન તારીખથી ૩ (ત્રણ) માસની અંદર માત્ર અમદાવાદ ન્યાયક્ષેત્રમાં થઇ શકશે.**

# બીમાર શિક્ષણ વ્યવસ્થાનો ઉપાય



**ફ્રેન્કિસ કેવિન જે. ફર્નાન્ડીસ**
**એશિયા અંગ્રેજી સ્કૂલના આચાર્ય છે. શિક્ષણના ક્ષેત્રમાં વ્યાપક અનુભવ અને નિપુણતા સાથે તેઓ એવોર્ડ વિજેતા પ્રતિષ્ઠિત શિક્ષણવિદ પણ છે.**

> નવીનતા અને સર્જનાત્મક્તા એવા ગુણો છે જે દરેક વ્યક્તિમાં હોય છે, પ્રતિભા અને સખત મહેનત મહત્વના છે અને વિકાસ માટે પ્રતિભા વિકસાવવાનું શિખવું એ આવશ્યક છે

> વિદ્યાર્થીઓને જે શિક્ષણ પૂરું પાડીએ છીએ તે ગ્રોથ માનસિક્તાને અમલમાં મૂક્તું હોવું જોઈએ. તે વિદ્યાર્થીઓને ઈન્ફર્મેશન શેર કરવા, સહયોગથી કામ કરવા, નવીન રીતે વિચારવા, માહિતી મેળવવા અને ભૂલો સ્વીકારવા સક્ષમ બનાવે છે

આજના બાળકોનું મગજ માહિતીનું પાવરહાઉસ છે. તેમની પાસે ડેટાનો અખૂટ સ્રોત છે અને તેઓ કોઈપણ મુદ્દા સાથે સમન્વય સાધી શકવા તેમજ તેમને પૂછાયેલા પ્રશ્નોનો ચોક્કસાઈપૂર્ણ જવાબ આપવા સક્ષમ હોય છે. તેમની આ ક્ષમતાઓને ધ્યાનમાં લઈએ તો આજની લગભગ એક સદી જૂની આપણી શૈક્ષણિક વ્યવસ્થા જ તેમના વિકાસમાં અવરોધરૂપ બનતી હોય તેવું જણાય છે. બાળકના વ્યક્તિત્વ વિકાસ અને ભાવી ઘડતરના સંદર્ભમાં આપણી વર્તમાન શૈક્ષણિક વ્યવસ્થા નબળી પડતી હોવાનું જણાય છે. આ એક ખૂબ જ જાણિતી વાત છે કે આજની સરકારી સ્કૂલો સારા કામદારો પેદા કરી શકે છે, જે માત્ર એક જ કામમાં કુશળ હોય. આ વ્યવસ્થા આપણી ઔદ્યોગિક ક્રાંતિની આડ પેદાશ છે. આ માનસિક્તા હવે જૂનીપૂરાણી થઈ ગઈ છે. આજે નવીનતા અને પ્રતિભા ઉદ્યોગનું ચાલક બળ છે અને કમનસીબે આપણી શૈક્ષણિક વ્યવસ્થા ઉદ્યોગના આ ચાલકબળને પોષણ આપી શકતી નથી. આપણે હજી પણ આપણા વિદ્યાર્થીઓ એક સમાન રીતે વિચારે તેમ ઈચ્છીએ છીએ અને તેઓ કોઈપણ પ્રશ્નના એક સમાન જવાબ આપે તેવી અપેક્ષા રાખીએ છીએ. આપણે નથી ઈચ્છતા કે બાળકો કોઈપણ પ્રશ્નનો એવો નવીન જવાબ શોધવા પ્રયાસ કરે જે નવીન માર્ગ કંડારનારો હોય. આપણે જવાબ કરતાં કાગળ અને શાહીને જ વધુ મહત્વ આપીએ છીએ.

આજના વિદ્યાર્થીઓ અસાધારણ ક્ષમતા ધરાવે છે. તેઓ કલ્પના કરવા, તેને સમજવા અને તેને સાર્થક કરવા માટે સક્ષમ છે. જોકે, તેઓ જ્યારે માત્ર પરીક્ષામાં પાસ થવા પર જ ધ્યાન કેન્દ્રીત કરે છે ત્યારે તેમની સર્જનાત્મક્તા ખતમ થઈ જાય છે. અને આ પરીક્ષાઓ પણ ખરા અર્થમાં તેમની હોંશિયારી સાબિત કરતી નથી. હકીકતમાં 'ટોપર્સ' અને 'મેરીટ હોલ્ડર્સ'ની અવિરત શોધમાં જ આપણે આજની પેઢીને




ખતમ કરી નાંખીએ છીએ. આપણે આજે વિશ્વને જે નવીનતા અને સર્જનાત્મક્તાની તીવ્ર ઝંખના છે તેના માટે કોઈ જગ્યા જ બાકી રાખતા નથી.

નવીનતા અને સર્જનાત્મક્તા એવા ગુણો છે જે દરેક વ્યક્તિમાં હોય છે, પ્રતિભા અને સખત મહેનત મહત્વના છે અને ભાવી નાગરિકોના વિકાસ માટે પ્રતિભાઓ વિકસાવવાનું શિખવું એ આવશ્યક છે. શિક્ષણવિદ અને લીડર્સ તરીકે દૂરંદેશી, સુશાસન, વૃદ્ધિ અને એકીકૃતતાના મૂલ્યોનો વિકાસ થાય માટે સ્વીકૃતિ અને સમાનતાની સંસ્કૃતિ વિકસાવવાની જવાબદારી આપણા પર છે. આપણે એવી પેઢી તૈયાર કરવી જોઈએ જે સર્જનાત્મક, નવીન હોય અને જોખમ ઉઠાવવા માટે તૈયાર હોય. આપણે જે શિક્ષણ પૂરું પાડીએ છીએ તે હકીકતમાં બાળકની સમજશક્તિની આસપાસ તૈયાર થાય તે ખૂબ જ મહત્વનું છે. બાળકે આજે જે જટીલ વાસ્તવિક્તાઓનો સામનો કરવો પડે છે તેનો ઉકેલ લાવવા માટેની સમજ અને જ્ઞાનથી તે સજ્જ હોવું જોઈએ. તે માટે શિક્ષણની પ્રક્રિયાને નક્કર અને ભવિષ્યલક્ષી બનાવવી જોઈએ.

કેટલાક લોકો એવું માનતા હોય છે કે સખત મહેનત, સારી વ્યૂહરચના અને અન્યો પાસેથી મળેલી માહિતી દ્વારા તેમની પ્રતિભાવને વિકસાવી શકાય છે. આ લોકો ગ્રોથ માનસિક્તા ધરાવતા હોય છે. બીજી બાજુ કેટલાક લોકો એવા પણ હોય છે, જેમનું માનવું છે કે પ્રતિભા કુદરતે આપેલી ભેટ છે, તેને વિકસાવી શકાતી નથી. આ લોકો ફિક્સ માનસિક્તા ધરાવે છે. તેમના કરતાં ગ્રોથ માનસિક્તા ધરાવતા લોકો વધુ સફળ હોય છે. તેનું એક કારણ એ છે કે તેઓ સ્માર્ટ દેખાવાની ચિંતા કરતા નથી અને તેઓ શિખવાની પ્રક્રિયા પર વધુ ધ્યાન આપે છે. ગ્રોથ માનસિક્તા શિક્ષણમાં ધરમૂળથી પરિવર્તન લાવવા તરફનું એક મહત્વપૂર્ણ પગલું છે. ગ્રોથ માનસિક્તાને શિક્ષણમાં લાવવાથી વિશ્વ વધુ સ્માર્ટ અને સારું બનશે અને હકીકતમાં શિક્ષણ શેના માટે છે તેનો અનુભવ કરાવશે.

ગ્રોથ માનસિક્તા કુદરતી અથવા વિકસિત પ્રતિભા અંગેની માન્યતાને દબાણપૂર્વક લાગૂ કરવાની વાત નથી, તે એકબીજા સાથે માહિતીના આદાન-પ્રદાનથી આપણા વ્યવહારમાં આવે છે. આ સંદર્ભમાં એમ કહી શકાય કે કંઈ પણ શિખ્યા વિના ચોક્કસ લક્ષ્ય સુધી પહોંચવા કરતાં કંઈક શીખતા શીખતા લક્ષ્ય સુધી પહોંચવાનો પ્રવાસ વધુ મહત્વનો છે. ગ્રોથ માનસિક્તા ફ્લેક્સિબલ વિચારસરણી સાથે સંબંધ ધરાવે છે. તે મૂળભૂત રીતે જ વિચારવાની એક અલગ જ પ્રક્રિયા છે.

આપણે વિદ્યાર્થીઓને જે શિક્ષણ પૂરું પાડીએ છીએ તે ગ્રોથ માનસિક્તાને અમલમાં મૂક્તું હોવું જોઈએ. તે વિદ્યાર્થીઓને ઈન્ફર્મેશન શૅર કરવા, સહયોગથી કામ કરવા, નવીન રીતે વિચારવા, માહિતી મેળવવા અને ભૂલો સ્વીકારવા સક્ષમ બનાવે છે. આ પ્રકારના શિક્ષણથી આપણે નિશ્ચિતપણે સુખી, સંતુષ્ટ, નવીન, સર્જનાત્મક અને વિકાસલક્ષી વ્યક્તિઓની પેઢી તૈયાર કરી શકીશું અને રાષ્ટ્રના વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપી શકીશું.

---

'નિષ્ફળતા મારી ક્ષમતાઓની મર્યાદા છે'

## ફિક્સ માઈન્ડસેટ

'હું સારો છું અથવા નથી'

'મારી ક્ષમતાઓ બદલાઈ શકે તેમ નથી'

**'હું હતાશ થઈ જાઉં ત્યારે હારી જાઉં છું'**

'પરીવર્તન મને પસંદ નથી'

'હું કોઈ કામ કરી શકું છું અથવા નથી કરી શકતો'

**'મારી ક્ષમતા પૂર્વનિર્ધારિત છે'**

'ફીડબેક અને ટીકાઓને અંગત લઉં છું'

'હું કંઈ નવું કરવાનો પ્રયાસ નથી કરતો'

**ફિક્સ માઈન્ડસેટ:** 'ફિક્સ માઈન્ડસેટ ધરાવતા લોકો માને છે કે બુદ્ધિ અથવા પ્રતિભા જેવી તેમની પાયાની ગુણવત્તા એક નિશ્ચિત ગુણ છે. તેઓ તેમની પ્રતિભા વિકસાવવાના બદલે તેને સાચવવામાં તેમનો વધુ સમય પસાર કરે છે. તેઓ એમ પણ માનતા હોય છે કે પ્રતિભા કોઈપણ પ્રયાસ વિના સફળતા અપાવી શકે છે.'

**ગ્રોથ માઈન્ડસેટ:** 'ગ્રોથ માઈન્ડસેટ ધરાવતા લોકો માને છે કે તેમની સૌથી પાયાની ક્ષમતાઓને સમર્પણ અને સખત મહેનત દ્વારા વિકસાવી શકાય છે. બુદ્ધિ અને પ્રતિભા માત્ર શરૂઆત છે. આ માન્યતા મહાન સિદ્ધિઓ અને સફળતા માટે જરૂરી શિક્ષણ તરફ પ્રેમ વધારે છે.'

'નિષ્ફળતા વિકાસ માટેની તક છે'

## ગ્રોથ માઈન્ડસેટ

'હું જે ઈચ્છું તે શીખી શકું છું'

**'પડકારો મારા વિકાસમાં મદદરૂપ થાય છે'**

'મારા પ્રયાસો અને મારું વલણ મારી ક્ષમતાઓ નિશ્ચિત કરે છે'

'ફીડબેક સકારાત્મક છે'


**'અન્યોની સફળતામાંથી મને પ્રેરણા મળે છે'**

'હું નવી વસ્તુઓ કરવાનો પ્રયાસ કરું છું'

## ટપકાં જોડી કલર પૂરો



## સરખા દેખાતાં ચિત્ર ઉપર ટીક કરો





## આપેલા ચિત્રોને ક્રમશ થતી પ્રક્રિયાને નંબર આપી દર્શાવો




## રસ્તો શોધવામાં મદદ કરો.



## ચાલો ઝાડ દોરતા શીખીએ.



## સરખા દેખાતા બે ચિત્રમાંથી દસ તફાવત શોધો




## નીચે આપેલી લાગણીઓના નામ શોધો.


| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ભ | ય | લો | ગ | જ | ગૌ | ની | જા | નો | ળ | તિ |
| લા | ભ | વ | ર | ર | ફા | બા | વ | પા | ર | રો |
| તા | ઝ | ડ | વ | ચી | આ | ઈ | ભી | સ્કા | ક | ના |
| ગ | ઢો | ચી | મ | થ | શ્ચ | ન | ર | ના | રો | ચ |
| ગુ | સ્સો | ગુ | લા | ર | ર્ય | તુ | ટો | ચિ | રુ | અ |
| ધી | માં | દ | ચા | અ | જ | મ | સુ | ખ | રે | ન |
| ના | લે | ગા | ની | ક | ન | તા | બ | ડે | પ્રે | મ |
| મ | આ | બો | બા | ળા | ક | રી | ના | સી | ર | નો |
| છો | ડો | શ | ર | મ | મા | સી | રા | યા | માં | રં |
| હી | ન | ર | ભૂ | ણ | મી | દા | ક | રો | સી | જ |
| ગ | ખ | ત | હા | ન | ર | ઉ | ત્સા | હ | ડા | ન |


૧. મનોરંજન
૨. ગુસ્સો
૩. તિરસ્કાર
૪. અરુચિ
૫. અકળામણ
૬. ભય
૭. ઉત્સાહ
૮. સુખ
૯. પ્રેમ
૧૦. ગૌરવ
૧૧. ઉદાસી
૧૨. શરમ
૧૩. આશ્ચર્યજનક

# ઘરે શું બોક્સમાંથી પીનહોલ કેમેરા બનાવો

આજના સમયમાં યુવાનોમાં સેલ્ફીનું ચલણ ખૂબ જ વધ્યું છે. ટેક્નોલોજી વિકસવાની સાથે સ્માર્ટફોનમાં કેમેરાની ગુણવત્તા પણ વધી રહી છે. આ સાથે ડીએસએલઆર કેમેરાનું ચલણ પણ વધી રહ્યું છે. આજના આ આધુનિક કેમેરાનું મૂળ પીનહોલ કેમેરા છે અને તમને એ જાણીને કદાચ આશ્ચર્ય થશે કે તમે પોતે આ પીનહોલ કેમેરા ઘરે બનાવી શકો છો. ઘરે પીનહોલ કેમેરા બનાવી તે કેવી રીતે કામ કરે છે તે તમે સમજી શકો છો.











**જરૂરી સાધનસામગ્રી**

એક કાર્ડબોર્ડ બોક્સ, એક ટ્રેસિંગ પેપર, એક બ્લેક પેપર, ટેપ, એક ટાંકણી

**કેવી રીતે બનાવશો પીન હોલ કેમેરા**

- કાર્ડબોર્ડ બોક્સનો એક બાજુ ખુલ્લી કરો અને બીજી બાજુ બંધ રાખો.
- બોક્સની બંધ બાજુ પર એક બ્લેક પેપર ચોંટાડો.
- આ બંધ બાજુની મધ્યમાં ટાંકણીથી નાનું કાણું પાડો.
- ખુલ્લી બાજુ ઉપર ટ્રેસિંગ પેપર લગાવો અને તેને બોક્સની ઉપર ટેપ લગાવી સ્ક્રીન બનાવો.
- બોક્સને તમારા રૂમમાં એક ટેબલ પર મૂકો અને તેમાં કાણું બારી બાજુ હોય તે રીતે રાખો.
- રૂમની લાઈટ બંધ કરો અને ટ્રેસિંગ પેપરમાં જુઓ.

**આકલન**

બારીની બહાર કોઈ વસ્તુમાંથી પરાવર્તિત થઈને પ્રકાશના કિરણો સીધી લાઈનમાં પ્રવાસ કરીને પીન હોલ મારફત બોક્સની અંદર પ્રવેશ કરશે. પ્રકાશના કિરણો સીધી લાઈનમાં પ્રવાસ કરતા હોવાથી તે ટ્રેસિંગ પેપર સ્ક્રીન પર ઊંધી છબી રચે છે. આપણી આંખો આ રીતે કામ કરે છે. કોઈ વસ્તુમાંથી પ્રકાશના કિરણો લેન્સ મારફત આપણી આંખમાં પ્રવેશે છે અને રેટીના પર ઊંધી છબી બનાવે છે. ત્યાર બાદ મગજ તે છબીને સીધી કરે છે, જેથી તમે વસ્તુને સામાન્ય રીતે જોઈ શકો છો. પીનહોલ કેમેરા કેટલાક વૈજ્ઞાનિક તથ્યોથી પણ તમને માહિતગાર કરે છે. જેમકે, પ્રકાશના કિરણો સીધી લાઈનમાં પ્રવાસ કરે છે. આપણી આંખ કેવી રીતે કામ કરે છે વગેરે.

## સંદેશ

# વૃક્ષો વાવો, સમૃદ્ધિ લાવો



**અનિલ ગોસ્વામી**
AARTI Adventure Campsite

આઝાદી મળ્યા પછીના ૭૨ વર્ષ દરમિયાન ભારતની વસ્તી ૩૬ કરોડમાંથી વધીને ૧૨૫ કરોડ જેટલી થઈ ગઈ છે. વસ્તી વધારાને લીધે આપણા દેશમાં અનેક ગંભીર સમસ્યાઓ સર્જાઈ છે. વધતી વસ્તીને વસાવવા માટે વધુ જમીનની જરૂર પડી છે. આ જમીન ઉપરથી વૃક્ષોનું નિકંદન કાઢવામાં આવ્યું છે. એ ઉપરાંત હવા, પાણી અને અવાજનું પ્રદૂષણ પણ ભયજનક હદે વધ્યું છે. આ ભયજનક પ્રદૂષણને નાથવાના આપણા દેશમાં અનેક ઉપાયો થઈ રહ્યા છે. જેમાંથી એક મહત્વનો ઉપાય છે વૃક્ષારોપણ.

વૃક્ષો આપણને અનેક રીતે ઉપયોગી છે. વૃક્ષોનાં પર્ણો પ્રકાશસંશ્લેષણની ક્રિયા દ્વારા હવાને શુદ્ધ કરે છે. વૃક્ષો જાતજાતનાં ફળો આપે છે. વૃક્ષોનાં મૂળિયાં જમીનનું ધોવાણ અટકાવે છે. વૃક્ષો રણને આગળ વધતું અટકાવે છે. કેટલાક વૃક્ષોના મૂળિયાં અને પર્ણો ઔષધિ તરીકે વપરાય છે. કેટલાંક વૃક્ષોનાં પાન પડિયા-પતરાળાં બનાવવાના કામમાં આવે છે. વૃક્ષો વાદળાંને ઠંડા પાડીને વરસાદ લાવવામાં મદદરૂપ થાય છે. વૃક્ષોની શીતળ છાયામાં પશુઓ, ખેડૂતો અને વટેમાર્ગુઓ વિશ્રામ કરે છે. વળી વૃક્ષો ધરતીની શોભા છે. વૃક્ષો વિનાની ધરતી કેશ વિહોણા શીશ જેવી ઉજ્જડ લાગે છે.

આપણા દેશમાં થોડા વર્ષો પૂર્વે ગાઢ જંગલો આવેલાં હતાં. એ જંગલોમાં અનેક હિંસક પશુઓ વસવાટ કરતાં. જંગલોથી પશુઓનું અને પશુઓથી જંગલોનું રક્ષણ થતું. વાતાવરણમાં ઠંડક રહેતી. હવા શુદ્ધ રહેતી. પુષ્કળ



વરસાદને કારણે વૃક્ષોમાં વધારો થતો. પરંતુ વસ્તીનો સતત વધારો થતાં રહેઠાણ માટેના મકાનો, નિશાળો, કારખાનાં, સડકો, રેલમાર્ગ વગેરે બનાવવા માટે જમીનની જરૂરિયાત ઊભી થઈ. વળી બળતણ માટે અને ઘરનું રાચરચીલું ફર્નિચર બનાવવા માટે પણ લાકડાની જરૂર પડી. આથી આડેધડ જંગલો કપાતાં ગયાં. પરિણામે જંગલોનો વિસ્તાર ઘટતો ગયો. માનવીએ પોતાની વધતી જરૂરિયાતને કારણે આડેધડ માનવવસાહતો સ્થાપી. આને કારણે ખેતીલાયક જમીન પણ ઓછી થવા લાગી. બીજી બાજુ જેટલા વૃક્ષો કપાયાં, તેટલા પ્રમાણમાં નવાં વૃક્ષો ઉગાડવામાં આવ્યાં નહિ. પરિણામે વનસ્પતિ ઘટતાં વરસાદનું પ્રમાણ સતત ઘટતું રહ્યું અને ભૂગર્ભજળનું સ્તર સતત નીચું ઊતરતું ગયું.

રહી રહીને હવે આપણને વૃક્ષોનું મહત્વ સમજાવા લાગ્યું છે અને વસ્તીવિસ્ફોટ પર અંકુશ રાખવાનો પણ ખ્યાલ આવ્યો છે. આથી આપણે કેટલાંક સૂત્રો પ્રચલિત કર્યાં છે. 'વૃક્ષો વાવો, જીવન બચાવો,' 'વૃક્ષ જતન, આબાદ વતન,' 'એક બાળ, એક ઝાડ,' વગેરે આ બધાં સૂત્રોમાં વૃક્ષોનો મહિમા સૂચવાયો છે. ૫મી જૂન 'વિશ્વ પર્યાવરણદિન' તરીકે ઊજવાય છે. તે દિવસે વૃક્ષો અને પર્યાવરણના રક્ષણ માટેના ઉપયોગની ચર્ચા વિચારણા થાય છે. તેમાં વૃક્ષારોપણને ખૂબ મહત્વ આપવામાં આવે છે.

આપણા દેશમાં વનમહોત્સવ ઊજવાય છે. તે નિમિત્તે ખુલ્લી જગ્યામાં, રસ્તાની બંને બાજુએ, નિશાળોમાં અને પડતર જમીનમાં વૃક્ષો વાવવામાં આવે છે અને તેનું જતન કરવાનો સંકલ્પ કરવામાં આવે છે. આવા કાર્યક્રમોમાં બાળકોને મોટા પ્રમાણમાં જોડી દરેક બાળકને એક-એક વૃક્ષ વાવવાનું પ્રોત્સાહન આપવું તે ખૂબ જ ઉપયોગી નીવડી શકે. આથી વૃક્ષોની સંખ્યામાં વધારો કરી સૃષ્ટિસૌંદર્યમાં વધારો કરી શકાશે. વળી હવા, પાણી અને અવાજના વધતા જતા પ્રદૂષણના જટિલ પ્રશ્નનું નિરાકરણ પણ કરી શકાશે. દરેક બાળકને પ્રોત્સાહન આપી આપણે વૃક્ષોની સંખ્યા વધારતા જઈએ તો તે સમગ્ર માનવજાતિ માટે સૌથી ઉમદા કાર્ય બની રહેશે. આમ થવાથી પ્રદૂષણનું પ્રમાણ ઘટાડી વાતાવરણ સુધારી શકાશે. આપણે નિશ્ચય કરીએ કે, દરેક બાળક દર વર્ષે, એક-એક વૃક્ષ તો ઉગાડે જ. આ માટે એમને પ્રોત્સાહન અને માર્ગદર્શન આપીએ. આથી બાળકોને વૃક્ષો તરફ આપોઆપ પ્રેમ અને આકર્ષણ થશે. વાતાવરણ લીલુંછમ થશે અને પ્રદૂષણ ઘટશે.






આ ઉપરાંત નિકોલ ખાતેની રામેશ્વર સ્કૂલમાં પ્રિન્સિપાલ હેમંત પંડ્યા અને શિક્ષકોના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ વિવિધ પ્રકારના યોગાસનો કર્યા હતા અને વર્તુળાકારે અલગ અલગ રચનાઓ કરી હતી.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રયાસોથી વર્તમાન સમયમાં વિશ્વમાં યોગ દિનની ઊજવણી થઈ રહી છે ત્યારે ૪થા યોગ દિન નિમિત્તે દિવાન બલ્લુભાઈ સ્કૂલના શિક્ષક અને યોગાચાર્ય ઉર્વિશ વિ. પંડ્યાના માર્ગદર્શન હેઠળ અમદાવાદ જિલ્લા ગ્રામ્ય મકરબા પોલીસના મુખ્યાલય ખાતે પોલીસ કર્મચારીઓ, જીઆરડી. જવાનો, આરપીએફ અને પોલીસ અધિક્ષકોએ યોગાભ્યાસ કર્યો હતો.



વડોદરા ખાતે આવેલી લઘારામ સ્કૂલમાં વિદ્યાર્થીઓની સાથે શિક્ષકોએ પણ ઉત્સાહપૂર્વક વિવિધ યોગાસનો કર્યા હતા.

## ફિલ્મ રીવ્યૂ

# બાળકની હોંશિયારીનું મૂલ્યાંકન માત્ર માર્ક્સ અને ગ્રેડથી જ થઈ શકે!

**ફિલ્મનો કથાસાર :** ૧૩ વર્ષનો ગોપાલ (ક્રિશ ચૌહાણ) ભણવામાં ઠોઠ છે. સ્કૂલમાં જોવા મળતી રાબેતામુજબની સ્થિતિની જેમ ગોપાલ છેલ્લી પાટલીએ જ બેસે છે. તેના પિતા જગદીશ (ધર્મેન્દ્ર ગોહિલ) તેને તેની મરજી મુજબ જીવવાની પૂરી તક આપે છે. પરંતુ માતા કવિતા (અમિ ત્રીવેદી) ગોપાલના ભવિષ્ય અંગે ખૂબ જ ચિંતિત રહે છે. તેથી ગોપાલની આજુબાજુના વિદ્યાર્થીઓ સાથે સતત તેની સરખામણી કરતી રહે છે. આ રીતે કવિતા ગોપાલ પર ભણવા માટે પરોક્ષ રીતે દબાણ કરતી રહે છે. સ્કૂલના શિક્ષકો પણ ગોપાલને સતત મેણાં મારતા રહે છે. આ બધાથી કંટાળી છેવટે ગોપાલ ભાગી જાય છે. પરંતુ શું સ્કૂલ અને પરીવારથી દૂર થયા પછી તેનું શું થાય છે ? તે જાણવા માટે તો તમારે ફિલ્મ જ જોવી પડશે.

**રીવ્યૂ :** લગભગ ત્રણ વર્ષના સમય બાદ કિર્તન પટેલ વધુ એક અદ્‌ભૂત ફિલ્મ લઈને આવ્યા છે. અગાઉ ૨૦૧૫માં તેમની 'બસ એક ચાન્સ' સફળ રહી હતી. આ બંને ફિલ્મ દિગ્દર્શન કળામાં કિર્તનની નિપુણતા દર્શન કરાવે છે. ઉત્કૃષ્ટ સ્ટાર કાસ્ટ સાથે પટેલે ખૂબ જ સુંદર ફિલ્મ બનાવી છે. આ ફિલ્મ આપણી શિક્ષણ પદ્ધતિની સમસ્યાઓ પર પ્રકાશ પાડે છે. આજે ગળાકાપ સ્પર્ધાના આ યુગમાં બાળકો જાણે વેઈટલિફ્ટર હોય તેમ તેમના દફતરનું વજન વધી રહ્યું છે. બાળકોની હોંશિયારીનું મૂલ્યાંકન માત્ર માર્ક્સ અને ગ્રેડના આધારે જ થાય છે. તેમની અંદર રહેલી શક્તિઓને શિક્ષણના ભાર નીચે દબાવી દેવામાં આવે છે. આ ફિલ્મ દર્શાવે છે કે માતા-પિતા તેમના સંતાનોને પૂરતો સમય આપે અને બાળકને પોતાની રીતે ખીલવા દે તો ખાડે ગયેલા આ શિક્ષણમાં સુધારો આવશે.




ફિલ્મમાં સરળ શબ્દોમાં ટ્યુન્સ કમ્પોઝ કરાઈ હોવાથી તેનું સંગીત અસરકારક છે. ગીતના બોલ પણ સુંદર છે. ક્રિશનું પરફોર્મન્સ આપણી પોતાની સ્કૂલની યાદોને તાજું કરી દે છે. પરફોર્મન્સની દૃષ્ટિએ પણ ફિલ્મ મજબૂત છે. એક પ્રેરણાદાયી પિતા તરીકે ધર્મેન્દ્ર ગોહિલે ફરી એક વખત અદ્‌ભૂત પરફોર્મન્સ આપ્યું છે. તે કોઈપણ પિતાને બીનશરતી પ્રમના ગુણ શીખવી જાય છે. ટેલીવીઝન સ્ટાર અમિ ત્રિવેદીની આ પહેલી ફિલ્મ છે અને તેમાં તેણે બાળકના ભાવી અંગે ચિંતિત માતાની ભૂમિકા ખૂબ જ સારી રીતે કરી છે. ગોપાલ તરીકે ક્રિશનું પરફોર્મન્સ પણ ખૂબ જ સરસ છે. ક્રિશ જાણે ગોપાલના પાત્રમાં એકરૂપ થઈ ગયો હોય તેવું જણાય છે. ગોપાલની સ્કૂલની ગેંગ આપણને સ્કૂલની આપણી મસ્તીની યાદ અપાવે છે.

રાજીવ મહેતા, પ્રેમ ગઢવી, ભક્તિ કુબાવત અને પાર્થ ઓઝાનો કેમીઓ આ સ્ટોરીને આગળ વધારે છે. ફિલ્મ માત્ર બે જ ક્લાકમાં પૂરી થઈ જાય છે છતાં બીજા હાફમાં ફિલ્મ થોડી લંબાઈ હોય તેવું લાગે છે. કેટલાક દશ્યોને ખેંચવામાં આવ્યા હોય તેવું સ્પષ્ટ જોઈ શકાય છે. જોકે, આ ફિલ્મ ખરા અર્થમાં આપણી શૈક્ષણિક વ્યવસ્થાની આંટીઘૂંટીમાં મુંઝાતા બાળકની મનોવ્યથા રજૂ કરે છે. એકંદરે ફિલ્મ માણવા લાયક છે. ખાસ કરીને આજના માતા-પિતા અને શિક્ષકોએ આ ફિલ્મ જોવી જોઈએ.

# સમાવેશક સ્કૂલો માટે અસરકારક વ્યૂહરચના



**શ્રીમતિ શશિ ભટ્ટ**
**શ્રી રામ વિદ્યાલય (એસઆરવી)નાં સ્થાપક, પ્રિન્સિપાલ અને મેનેજિંગ ટ્રસ્ટી છે. તેઓ સમાવેશ શિક્ષણના ક્ષેત્રમાં અગ્રેસર અને નિષ્ણાત એવોર્ડ વિજેતા શિક્ષણવિદ છે**

આર્થિક રીતે નબળા વર્ગના બાળકોને પણ ગુણવત્તાપૂર્ણ શિક્ષણનો અધિકાર છે તેવા વિચાર સાથે સરકારે વર્ષ ૨૦૦૯માં રાઈટ ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન (આર.ટી.ઈ.) એટલે કે શિક્ષણનો અધિકાર કાયદો બનાવ્યો. આ કાયદા હેઠળ આર્થિક રીતે નબળા વર્ગ (ઈડબલ્યુએસ)ના બાળકોને પણ ગુણવત્તાપૂર્ણ મોંઘી ખાનગી શાળાઓમાં પ્રવેશ આપવાનું ફરજિયાત થયું. શરૂઆતના વર્ષોમાં આ કાયદો કાગળ પર જ રહ્યો, પરંતુ હવે સરકાર અસરકારક રીતે આ કાયદાનો અમલ કરાવી રહી છે, જેના હેઠળ ખાનગી સ્કૂલોમાં આ વિદ્યાર્થીઓ માટે ચોક્કસ બેઠકો ફાળવવામાં આવી છે અને તેમને મફત પ્રવેશ અપાય છે. આ વિદ્યાર્થીઓની સ્કૂલ ફી સરકાર ચૂકવે છે. આ કાયદાના કડકાઈપૂર્વક અમલના ખાનગી સ્કૂલોમાં મિશ્ર પડઘા પડ્યા છે. અનેક સ્કૂલોએ આ પગલાને સકારાત્મક રીતે લીધું અને તેમના સ્કૂલના વાતાવરણને ડાયવર્સિફાઈ કર્યું જ્યારે કેટલીક સ્કૂલો હજી પણ ઈડબલ્યુએસ વિદ્યાર્થીઓને સ્કૂલમાં પ્રવેશ આપતા અચકાય છે. કેટલીક સ્કૂલોની આ નિષ્ક્રિયતા વિદ્યાર્થીઓના શિક્ષણ અને તેમના વિકાસ પર ગંભીર અસર કરે છે. આરટીઈ કાયદાનું પાલન નહીં કરવા માટે કેટલીક સ્કૂલો સરકારે તેમના અગાઉના લેણાં નહી ચૂકવ્યા હોવાની દલીલ કરે છે જ્યારે કેટલીક સ્કૂલોનું કહેવું છે આ વિદ્યાર્થીઓ તેમના સ્કૂલના વાતાવરણમાં ફીટ થઈ શકે તેમ નથી. તેમને આ વિદ્યાર્થીઓથી સ્કૂલના વાતાવરણ અને છબી પર નકારાત્મક અસર પડવાનો ડર રહે છે. સરકારે સ્કૂલોના અગાઉના લેણાં નહીં ચૂકવ્યા હોવાની દલીલ કંઈક અંશે સમજી શકાય તેવી છે, પરંતુ સ્કૂલોના વાતાવરણ પર નકારાત્મક અસરની દલીલ ભૂલભરેલી કહી શકાય.

અનેક આંતરરાષ્ટ્રીય અભ્યાસો મુજબ બધી જ પૃષ્ઠભૂમિ ધરાવતા વિદ્યાર્થીઓ હોય તેવા સમાવેશ ક્લાસરૂમથી લાભદાયક શૈક્ષણિક પરીણામો મળે છે અને તે વિદ્યાર્થીઓમાં વધુ સારા આંતરવ્યક્તિગત સંબંધો વિકસાવવામાં મદદરૂપ થાય છે. વિદ્યાર્થીઓને અલગ અલગ જાતિ, વર્ણ, સામાજિક આર્થિક દરજ્જા ધરાવતા વિદ્યાર્થીઓના સંપર્કમાં આવવાની તક પૂરી પાડવાથી સામાજિક-આર્થિક દરજ્જાની ખાઈ અને સમાજમાં અસહિષ્ણુતામાં ઘટાડો થાય છે.

એકીકૃત સ્કૂલિંગ સુવિધાઓ, સંશાધનો અને હાઈ-લી ટ્રેઈન્ડ શિક્ષકોની સમાન ઉપલબ્ધતા પૂરી પાડે છે. આ રીતે શું ન્યાયપૂર્ણ સમાજનું નિર્માણ નથી થતું ? અને આમ પણ શિક્ષણનો પ્રાથમિક આશય પણ એ જ તો છે.

૨૦ વર્ષ અગાઉ મેં સૌપ્રથમ સમાવેશક ક્લાસરૂમ્સ વિકસાવવાનું શરૂ કર્યું ત્યારે આ કન્સેપ્ટ લોકોની બહુ સમજમાં આવ્યો નહોતો. અમે અમારા ક્લાસરૂમમાં વિશેષ જરૂરિયાત ધરાવતા કેટલાક વિદ્યાર્થીઓ સાથે એક નાની શરૂઆત કરી હતી. અનેક શુભેચ્છકોએ મને આ વિચારનો અમલ નહીં કરવા સમજાવી હતી અને તેના પરીણામો અંગે પણ ચેતવણી આપી હતી. જોકે, હું કેટલાક નકારાત્મક પ્રતિભાવો અને પરીણામો છતાં ઉત્સાહપૂર્ણ રીતે તેના અમલ માટે આગળ વધી. અમારી સ્કૂલમાં સમાવેશક વાતાવરણ વિકસ્યું તેમ આ અભિગમના અમને અનેક લાભ મળતા હોવાનું અમારા ધ્યાનમાં આવ્યું. સ્કૂલની શૈક્ષણિક કામગીરીમાં સુધારો થઈ રહ્યો હતો, કારણ કે શિક્ષકોએ હવે તેમના ક્લાસીસમાં અલગ અલગ ક્ષમતા ધરાવતા વિદ્યાર્થીઓ માટે શિક્ષણની વિવિધ પદ્ધતિઓ અપનાવી રહ્યા હતા અને વધુ ધીરજથી વિદ્યાર્થીઓને ભણાવી રહ્યા હતા.




ઉપરાંત સામાજિક અને વ્યક્તિગત જવાબદારી પ્રત્યે વિદ્યાર્થીઓમાં જાગૃતિ આવી હતી અને તેમનું વલણ પણ બદલાયું હતું.

આ બાબત સ્પષ્ટપણે દર્શાવે છે કે ક્લાસરૂમમાં સમાવેશક વાતાવરણ વિદ્યાર્થીઓમાં વધુ જવાબદારી, ધીરજ, દયા અને સહનશક્તિ લાવે છે.

**ક્રમશઃ** અમે અમારા સમાવેશક પ્રયાસોનું પ્રમાણ તેમજ તેનું ક્ષેત્ર વિસ્તાર્યું. ક્ષમતા આધારિત સમાવેશક સાથે અમારા સકારાત્મક અનુભવ બાદ અમે સામાજિક-આર્થિક પછાત વર્ગમાંથી પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને સ્કૂલમાં પ્રવેશ આપવાનો અને તેમને ફી માફી અથવા સ્કોલરશિપની સુવિધા આપવાનો નિર્ણય કર્યો. અહીં એક બાબત એ ધ્યાનમાં રાખવી જોઈએ કે આરટીઈ કાયદો અમલમાં આવ્યો તેના ઘણા સમય પહેલાં અમે આ શરૂઆત કરી હતી. અમે એવું વાતાવરણ ઊભું કરવા માગતા હતા હતા જ્યાં ગરીબ અને વંચિત વર્ગના વિદ્યાર્થીઓ સાથે શિક્ષણ મેળવી શકે અને સામાજિક પૂર્વગ્રહો દૂર કરી શકે.

કોઈપણ વિદ્યાર્થીને તેના સામાજિક-આર્થિક દરજ્જાના આધારે મૂલવવામાં ન આવે અને બધા જ બાળકો સમાન સંશાધનો અને તકોનો ઉપયોગ કરી શકે તેવું વાતાવરણ ઊભું કરવા માટે અમે સખત મહેનત કરી હતી.

તેના પરીણામો ફરી એક વખત ખૂબ જ પ્રોત્સાહનજનક આવ્યા હતા. તેનો યોગ્ય અને વૈચારિક રીતે અમલ કરવામાં આવ્યો ત્યારે એકંદર સંસ્કૃતિ, શૈક્ષણિક ગુણવત્તા અને સ્કૂલના પરફોર્મન્સ પર સકારાત્મક અસર થઈ હતી.

મારા અનુભવમાંથી મને જે શીખવા મળ્યું તે વ્યૂહરચના તમને તમારી સ્કૂલમાં પણ સકારાત્મક અને સમાવેશક વાતાવરણ ઊભું કરવામાં મદદરૂપ થઈ શકે છે.

## શૈક્ષણિક સહાય વધારો

સમાવેશક શિક્ષણ બધા જ વિદ્યાર્થીઓને સમાન તકો મળે તે માટે સ્કૂલો શૈક્ષણિક સહાય પૂરી પાડે તેવી ભલામણ કરે છે. ફલેક્સિબલ પેકિંગ, વાચન નિષ્ણાતો અને વધારાના શૈક્ષણિક વર્ગ એવા વિદ્યાર્થીઓને મદદરૂપ થઈ શકે છે, જે અભ્યાસમાં થોડા નબળા હોય અથવા જેઓ અંગ્રેજીમાં નિપુણ ન હોય.

## શિક્ષકોને તૈયાર કરવા

ગરીબ અને વંચિત વિદ્યાર્થીઓના અભ્યાસ માટે હાઈલી ટ્રેઈન્ડ અને સંવેદનશિલ શિક્ષકો ખૂબ જ મહત્વના હોય છે. જોકે, કમનસીબે અનેક શિક્ષકો વિદ્યાર્થીઓને યોગ્ય રીતે સહાય કરવાની બાબતને સમજી નથી શકતા. સ્કૂલ પરીસરથી આગળ સમાજમાં અસમાનતામાં વધારાની થઈ રહેલી અસરો સમજવા માટે શિક્ષકો સક્ષમ હોય તે પણ જરૂરી છે. આ માટે શિક્ષકોને સંવેદનશિલતાની તાલિમ આપવામાં આવે તે જરૂરી છે. અશિક્ષિત શિક્ષકો ગરીબ વિદ્યાર્થીઓ અંગે અપમાનજનક વર્તણૂક અથવા ભાષાનો ઉપયોગ કરી શકે છે. શિક્ષકો અસરકારક રીતે સમાવેશક સમાજમાં સહાયરૂપ થાય તે માટે તેમણે પોતાની જાતને માત્ર જ્ઞાનના વાહકથી વધુ સમજવાની જરૂર છે. વધુમાં તેમણે વિદ્યાર્થીઓની ઊંચી અપેક્ષાઓ પર ટકી રહેવાની જરૂર છે અને તેમના વિદ્યાર્થીઓને સમજવા અને વ્યાપક અર્થમાં તેમને વિશ્વ સાથે સાંકળવામાં મદદરૂપ થવાની જરૂર છે.

## અભ્યાસક્રમ

સ્કૂલના અભ્યાસક્રમ માટે ગરીબી, શોષણ, સત્તાનું માળખું અને વંશવાદ, જાતિવાદ જેવા દુષણોને ડામવા અસમાન્ય બાબત છે, પરંતુ આ અસમાનતા સામે લડવાની તે ચાવી છે. સ્કૂલ માત્ર ગણિત અને સાયન્સ જેવા વિષયોની ઔપચારિક માહિતી પર જ ધ્યાન કેન્દ્રીત કરીને વિદ્યાર્થીને એવું જ્ઞાન પૂરું પાડે છે, જે આજના વિશ્વ સાથે સાંકળતું હોય તે જરૂરી નથી. આ પ્રકારનું શિક્ષણ ગરીબ બાળકોએ ઘરમાં જ સંઘર્ષનો સામનો કરવો પડી શકે છે તેવી જરીપુરાણી માન્યતાઓનો વિરોધ નથી કરતું અને આપણા વર્તમાન સમાજમાં તેમના પોતાના અનુભવોના સંદર્ભમાં ગરીબ બાળકો માટે કોઈ પૂર્વાપર સંબંધનો ઉમેરો નથી કરતું.

## મૂલ્યાંકનના માપદંડો અંગે પુનઃ વિચારણા

આપણી સ્કૂલોમાં રહેલી અસમાનતા દૂર કરવાનો એક માર્ગ એ છે કે, આપણી ક્ષમતા અને એક્સપોઝરની વિવિધતાને ધ્યાનમાં લઈને મૂલ્યાંકન અને આકારણીના માપદંડો નિશ્ચિત કરવા માટે પુનઃ મૂલ્યાંકન કરવું. મૂલ્યાંકન સાધનોને નવેસરથી ડિઝાઈન કરવાથી તમામ વિદ્યાર્થીઓ સારી કામગીરી કરે છે અને તેનો આત્મવિશ્વાસ વધ્યો છે.

## સ્ટૂડન્ટ બોડી મેમ્બરશિપ પ્રોગ્રામ્સ

મારા ધ્યાનમાં આવ્યું કે વિદ્યાર્થીઓને નબળા સાથી વિદ્યાર્થીને અભ્યાસમાં માર્ગદર્શન આપવા પ્રેરિત કરવા એ સમાવેશક ક્લાસરૂમ્સ અને સ્કૂલો બનાવવામાં સૌથી અસરકારક વ્યૂહરચનાઓમાંની એક છે. મેન્ટર્સ તેમના સાથી વિદ્યાર્થીઓને નવા વાતાવરણમાં એડજસ્ટ થવામાં અને અભ્યાસક્રમ મારફત તેમને આગળ લઈ જવામાં મદદરૂપ થઈ શકશે. આમ, વિદ્યાર્થીઓમાં પણ જવાબદારી, પરીપક્વતાની ભાવના પેદા થાય છે અને અન્યોને મદદ કરતા તેમનો આત્મવિશ્વાસ પણ વધે છે. અમે જોયું છે કે આ સંજોગોમાં મેન્ટર્સ અને નબળા વિદ્યાર્થી બંનેના શૈક્ષણિક દેખાવમાં નોંધપાત્ર સુધારો આવે છે.

## આદરને સંસ્કૃતિ બનાવવી

વ્યક્તિગત ક્લાસરૂમ્સની બહાર પણ શિક્ષકોએ સમાવેશક સ્કૂલ કમ્યુનિટીને પ્રોત્સાહન આપવું જોઈએ. એવા કર્મચારીઓની ભરતી કરવી જોઈએ, જે વિદ્યાર્થીઓની વૈવિધ્યતાનું પ્રતિબિંબ પાડતી હોય અને બધી જ સામાજિક-આર્થિક પૃષ્ઠભૂમિના લોકો માટે આદર વ્યક્ત કરતા હોય. તમારા વિદ્યાર્થીઓને પણ એ જાણવા દો કે ભેદભાવ અને શોષણ સંબંધિત સમસ્યાઓ તેમને સમજાવવામાં કર્મચારીઓ પણ એક સંશાધન તરીકે તમને સેવા આપી શકે છે.

## મુક્ત ચર્ચા માટે અવકાશ આપો

સ્કૂલોએ એવું વાતાવરણ બનાવવું જોઈએ જ્યાં વિદ્યાર્થીઓ અસમાનતા તથા માળખાગત શોષણ અંગેના તેમના વિચારો અને ભાવનાઓ અંગે મુક્તપણે ચર્ચા કરી શકે. આપણું કામ જાગૃતિ લાવવાનું અને કોઈપણ ભય અથવા ખચકાટ વિના આપણે એકબીજા સાથે વાત કરી શકીએ તેવું વાતાવરણ ઊભું કરવાનું છે. આ પ્રકારની જગ્યા ઊભી કરીને આપણે આપણા વિદ્યાર્થીઓને ઊંડાણમાં ડૂબકી મારીને તેમની ધારણા અને પક્ષપાતને બહાર લાવવા સક્ષમ બનાવવા જોઈએ.

અંતમાં, હું માત્ર એવી આશા વ્યક્ત કરી શકું છું કે વધુ સ્કૂલો અને માતા-પિતા જાગે અને મજબૂત સ્કૂલો અને સમાજની રચના માટે આરટીઈ હેઠળ સમાજિક સમાવેશકના વચનને પાળી બતાવે. યોગ્ય સહાય અને વાતાવરણ સાથે ગરીબ અને વંચિત વિદ્યાર્થીઓ પણ વધુ વાસ્તવિક અને સમાવેશક રીતે એકબીજાના વિકાસમાં મદદરૂપ થઈ શકે છે. એ ભૂલશો નહીં કે સમાવેશક શાળાઓ સમાવેશક સમાજ બનાવી શકે છે.

Printed and published by ARCHIT LABUBHAI BHATT on behalf of TRIPADA EDUCATION TRUST and Printed at Divya Bhaskar Print Plant, plot No. 148, Po. Vasna-Chachravadi, B/h. L&T Plant, Bavla-Changdor Road, Dist: Ahmedabad-382210 and published from TRIPADA EDUCATION TRUST Madhuvrund Society, Ranna Park, Ghatlodia, Ahmedabad. ● Editor- ARCHIT LABUBHAI BHATT